ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૮-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

પૂર તો આવતાં રહેશે, પૂરને નાથવા પડશે

નર્મદા ગુજરાતની જીવનરેખા છે. પરંતુ એ ક્યારેક ગાંડીતૂર બને તો ઉત્તરાખંડની અલકાનંદા, ભાગીરથી અને મંદાકિનીની માફક વિનાશ પણ વેરી શકે. વિશેષ પણે નદીના પૂરનો ભોગ પણ એના જળથી લાભાન્વિત થતા વિસ્તારો જ બનતા હોય છે. નર્મદાના મુખ્ય પ્રદેશમાં આવેલું ભરૂચ એ પ્રાચીન સમયનું સુપ્રસિદ્ધિ ભૃગુકચ્છ. ગુજરાતની અસ્મિતાના જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી અને સંગીતક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કરનાર પં. ઓમકારનાથ ઠાકુરથી લઈ વર્તમાન રાષ્ટ્રીય નેતા અહમદ પટેલની આ તળભૂમિ છે. આપણી સંસ્કૃતિ નદી કિનારે વિકસી છે. નર્મદા એ મધ્ય ભારતની ગંગા છે, બલકે એનો તો એકેએક કંકર શંકર તુલ્ય ગણાયો છે. અમરકંટકથી નીકળી અરબી સમુદ્ર સુધીની યાત્રા દરમિયાન નર્મદા મૈયા કેટકેટલાં ગામોની તરસ છીપાવતી રહે છે! એના કાંઠે કેટકેટલાં તીર્થો સરજાયાં છે! અનેક ઋષિઓના તપથી નર્મદાનાં જળ નિરંતર વધુને વધુ પાવન થતાં રહ્યાં છે. આજે પણ નર્મદા પરિક્રમાનો આગવો મહિમા છે. ગુજરાત આખું પાણી માટે વલખાં મારતું વરતાયું ત્યારે નર્મદા મૈયાએ એનો અઢળક જળરાશિ ખુલ્લો મૂકી દીધો. રાજપીપળા નજીક નવા ગામ મુકામે સરદાર સરોવર ડેમનો શિલારોપણ વિધિ કરતી વખતે તત્કાલીન વડાપ્રધાન પં.જવાહરલાલ નહેરુના મનમાં પંજાબની જેમ ગુજરાત પણ દેશનો સમૃદ્ધ કૃષિપ્રધાન પ્રદેશ બની રહે એવું સ્વપ્ન રમતું હતું. રાજકીય દાવપેચ અને પાડોશી રાજ્યો સાથેના વિસંવાદી વ્યવહારને કારણે નર્મદા યોજના ઘણી મંથર ગતિએ આગળ વધી છે. આજે મહદંશે માનસર્જિત એવાં ઘોડાપૂરની સ્થિતિમાં ડેમનાં પાણી ભરૂચ શહેરની બજારો અને રહેણાંક વિસ્તારોમાં ઘૂસી તારાજી ફેલાવી રહ્યાં છે તે આપણા તંત્રની અણઆવડતનું અને રાજકીય દૂરંદેશીના અભાવનું પરિણામ છે. આ છલકાઈ જતાં અથવા ઉપરવાસમાં ભાર વરસાદ સ્થિતિમાં છોડવાં પડતાં પાણી જો કેનાલો મારફત નાનાં નાનાં સરોવરોમાં વાળી દેવામાં આવે તો ગુજરાતને પીવાના પાણીની કે સિંચાઈ માટેના પાણીની તકલીફ પહોંચે જ નહીં. આપણા નેતાઓ મોટી મોટી વાતો તો કરતા રહે છે કેન્દ્રને ડગલે ને પગલે વખોડતા પણ રહે છે પરંતુ જે હાથવગું છે એનો સદુપયોગ કરી શકતા નથી. આ નકારાત્મકતા આપણા વિકાસ વચ્ચેનો સૌથી મોટો અવરોધ છે. નર્મદાની જેમ તાપી પણ ઉછાળા મારી રહી છે. સુરતની રેલ વારંવાર એનું પોત પ્રકાશતી રહે છે. મુંબઈનું બચ્યું બની ચૂકેલું સુરત તાપીમૈયાનો કોપ ચૂપચાપ સહન કરવા ટેવાઈ ગયું છે. પરંતુ આ પ્રકારની તારાજી કે પૂર પછીના રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે તંત્રે સાવચેત રહેવું જોઈએ. આપણે ડેમ બાંધ્યા છે એટલે જે પૂર આવે છે તે માનસર્જિત આફત છે. ડેમ જરૂરી હતા તેથી પૂર તો આવતાં જ રહેવાનાં, તંત્રને એને નિયંત્રિત કરતાં આવડવું જોઈએ.

શ્રાવણ માસ એટલે ધાર્મિક તહેવારોનો માસ. આવો જ એક ધાર્મિક કાર્યક્રમ જન્માષ્ટમીની ઉજવણી સરવસ્તી વિદ્યાલયના પ્રાંગણમાં કરવામાં આવી હતી. જેમાં બાલમંદિરથી ધોરણ-૧ ૨ સુધીના બાલમિત્રોએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓએ શ્રી કૃષ્ણને યાદ કરતાં ગો ગો ગોવિંદા ગીત પર કૃષ્ણ અને ગોવાળીયાની યાદ તાજી કરાવી તેમજ વિદ્યાર્થીઓએ રાસ લીલા રજૂ કરી હતી તેમજ નાના ભૂલકાંઓએ કૃષ્ણ ભક્તિને ધ્યાનમાં રાખીને જુદા જુદા પ્રકારની વેશભૂષા રજૂ કરી અને છેલ્લે માખણચોર કૃષ્ણ અને તેની નટખટ ટોળકીએ મટકી ફોડીને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં નંદ મહોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

શહેરના સેક્ટર-૨૩ ખાતે આવેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે ગતરોજ નંદ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો.

કૃષ્ણજન્મોત્સવની ઉજવણી પ્રસંગે ધોરણ-૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ કૃષ્ણજન્મના નાટકથી શરૂઆત કરી હતી અને કૃષ્ણ કન્હૈયાના જયઘોષ સાથે બાળ કાનુડા દ્વારા મટકી ફોડ કરવામાં આવી હતી. તેમજ રાસ-ગરબા રમતા અબીલ ગુલાલ-ફૂલો ઉડાડીને સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધુ હતુ. આ પ્રસંગે શેઠ સી.એમ. માધ્યમિક શાળાના આચાર્ય બચુભાઈ પટેલ, આર.સી. પટેલ, માધ્યમિક શાળાના આચાર્ય ચીનુભાઈ પટેલ, એમ.બી. કન્યા પ્રાથમિક શાળાના આચાર્ય નિરૂબેન પટેલ, ક્રિએટીવ ઝોનના સંચાલિકા શ્રીમતિ કિરણબેન પટેલ તેમજ આચાર્ય દશરથભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૫-એ ખાતે આવેલી પ્રેરણા વિદ્યાલયમાં બાલમંદિરમાં અભ્યાસ કરતા નાના નાના ભૂલકાઓ દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે મટકી ફોડનો અનેરો કાર્યક્રમ ઉજવાઈ ગયો. શાળા પટાંગણમાં જન્માષ્ટમી પર્વ નિમિત્તે નાના નાના ભૂલકાઓ દ્વારા મટકી ફોડ કાર્યક્રમ યોજાયો હતો. કૃષ્ણ અને રાધા-ગોપીઓની વેશભૂષામાં સજ્જ થયેલા નાના નાના ભૂલકાઓ પોતાની કાલી ઘેલી ભાષામાં 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી' ના નારા સાથે ગોળ ગોળ ગોઠવાઈ ગયા હતા અને મટકી ફોડી માખણ, ચોકલેટ, કેળાનો પ્રસાદ મેળવ્યો હતો. કાર્યક્રમમાં બાળગોપાળ સાથે શિક્ષકો પણ જોડાયા હતા. અને ગુલાલ બાળકો પર નાખી નિઃસ્વાર્થ આનંદની લ્હાણી કરી હતી. શાળામાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિનાબેન અને મનિષાબેને કર્યુ હતું. આચાર્યા સ્વાતિબા રાઓલે દરેકનો ઉત્સાહ વધારી જન્માષ્ટમી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

ભોળાભાઈ પટેલ બી.બી.એ. કોલેજમાં સ્નાતક ઉમેદવારો માટે મેગા પ્લેસમેન્ટ યોજાયું

ગાંધીનગર, તા. ૨૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા તાજેતરમાં આઈ.એલ.એન્ડ એફ.એસ. સ્કીલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સહયોગથી ગાંધીનગરની ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.)માં કોલેજના ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે મેગા પ્લેસમેન્ટનું સુંદર આયોજન થયુ હતુ. કોલેજના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટીના રજિસ્ટાર પ્રો. એસ.કે. મંત્રાલા દ્વારા જણાવ્યા મુજબ કડી યુનિવર્સિટી દ્વારા તેમના દરેક ફેકલ્ટીના ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવશે. આજે આયોજીત થયેલા પ્લેસમેન્ટ કાર્યક્રમમાં ગાંધીનગરની ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ (બી.બી.એ.)ના ૫૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા એન.પી. કોલેજ ઓફ મેનેજમેન્ટ કડી (બી.બી.એ.)નાં ૫૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

આઈ.એલ એન્ડ એફએસ સ્કીલ્સ કંપની દ્વારા પ્રથમ તબક્કામાં પ્રેઝન્ટેશન અને કાઉન્સાલિંગ રાખવામાં આવ્યુ હતુ. તદ્ઉપરાંત બીજા તબક્કામાં ગ્રુપ ડિસ્કશન અને પર્સનલ ઈન્ટરવ્યુ ગોઠવાયા હતા. તમામ તબક્કામાં સફળ થયેલા ઉમેદવાર ૩૫ દિવસની નિઃશુલ્ક ટ્રેનિંગ માટે પસંદ થયા હતા. આ ઉમેદવારો માટે ૩૫ દિવસની નિઃશુલ્ક ટ્રેનિંગ ભોળાભાઈ પટેલ કોલેજ (બી.બી.એ.) ખાતે આપવામાં આવશે. ત્યારબાદ આ ઉમેદવારોનું કંપનીઓમાં જોબ પ્લેસમેન્ટ કરવામાં આવશે. ટ્રેનિંગમાં અંગ્રેજી ભાષા સહિત કોર્પોરેટ ક્ષેત્રની તમામ બાબતોને આવરી લેવામાં આવશે. તમામ પસંદ થયેલ ઉમેદવારોને અભિનંદન આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને બી.બી.એ. કોલેજની પ્લેસમેન્ટ કમીટી દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો. જેમા ડૉ. રમાકાંત પ્રસ્ટી આચાર્ય, ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. આશિષ ભુવા દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી. આઈએલ એન્ડ એફએસ સ્કીલ્સ ડેવલમેન્ટ કોર્પોરેશન ટીમે સંપૂર્ણ જવાબદારી નીભાવી હતી.

સમસ્ત બ્રહ્મ સમાજ કૃષ્ણ જન્મોત્સવ મનાવશે

ગાંધીનગર, તા.૨૩

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા જન્માષ્ટમી નિમિત્તે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે.

જન્માષ્ટમીના દિવસે તા. ૨૮મી ઓગષ્ટે સેકટર-૨૩ની લગ્નવાડીમાં સાર્વજનિક શ્રી કૃષ્ણ જન્મની ઉજવણી નિમિત્તે બપોરે ૩ થી ૫ આનંદનો ગરબો, સાંજે ૬ થી ૭ શિવ મહિમ્ન પાઠ, રાત્રે ૮ થી ૧૧ રાસ ગરબા અને મટકી ફોડનો કાર્યક્રમ રાતના ૧૧ થી ૧૨ દરમિયાન યોજાશે. આરતી બાદ મહાપ્રસાદ અને સાથે સાથે ભવ્ય ડેકોરેશન લાઈટીંગ પણ યોજાશે. જેનો સૌ ધર્મપ્રેમીજનો લાભ લઈ શકશે.

સ્ત્રીઓને મફત કાનૂની સલાહ અને સહાય બંને મેળવવા માટે કાયદાકીય જોગવાઇ છે

મહિલા સમાજ અને કાયદો : અંક -૭
ભાવના કે. જોશીપુરા

ગત અંકમાં સવિતા અને સવજીની તથા માલા અને મહેશના કેસના ઉદાહરણ સાથે અદાલતમાં કેસ દાખલ થયા બાદ નોટીસ બજાવવાની કાર્યવાહી અંગે સમજણ મેળવી રહ્યા હતા. પ્રથમ તો સવિતા સવજીના ગામ રાજપર હાથોહાથ નોટીસ લઈને જાય છે. સવજી તેના ઘરે હાજર નથી તેથી ગ્રામ પંચાયતના સરપંચને મળે છે. સરપંચ આમ પણ ગામનો આગેવાન હોવાને કારણે ગામની વ્યક્તિઓથી પરિચિત જ હોય તેથી સવિતા સવજીની તપાસ કરવા માટે ગ્રામ પંચાયતે પહોંચે છે. આપણે એ બાબતની પણ નોંધ લીધેલ કે અગાઉ કોર્ટમાંથી નોટીસ મોકલવામાં આવેલ ત્યારે પોલીસ ચોકીએ જવાબ મોકલેલ કે 'સવજી મળી આવતો નથી.' આવું તો અનેક કેસોમાં બને છે. વ્યક્તિને જ્યારે પોલીસ મારફત અદાલતની નોટીસ મોકલવામાં આવેલ ત્યારે તે પ્રથમ ડરી જતો હોય છે અને તેથી નોટીસની બજવણી પહેલી મુદ્દતે યોગ્ય રીતે થઈ શકતી નથી.

નોટીસની બજવણી સંદર્ભે ખોટા જવાબ લખાવતા હોય છે તેવું પણ અનુભવે જોયું છે. સવિતા જ્યારે સરપંચને પોલીસને સાથે લઈને સવજી અંગે તપાસ કરે છે ત્યારે શરૂઆતમાં તો સરપંચ પણ ગલ્લાતલ્લા કરે છે અને સવિતા ગામમાં રોકાઈ જવાનો વિચાર કરે છે. છેવટે સરપંચ સવજી બીજાના ખેતરમાં કામ કરવા જતો રહેલ છે તેવું જણાવે છે. સવિતા હાથોહાથ નોટિસ સવજીને બજાવવામાં સફળ રહે છે.

પ્રશ્ન થાય કે સવિતા તો નજીકના ગામડામાં રહેતી હતી અને હાથોહાથની નોટીસ બજાવવા લઈ ગયેલ પરંતુ જ્યારે કોઈ સામાવાળા દૂર રહેતા હોય અથવા તો પરદેશ રહેતા હોય તો તેવા સંજોગોમાં નોટીસ કેવી રીતે બજાવી શકાય? આપણે જોયું કે માલા છેક મુંબઈ નોટીસ બજાવવા ગઈ. ખાસ કરીને વિદેશની નોટીસ બાબતે આ પછીના અંકમાં ચર્ચા કરીશું. ચાલો માલા સંદર્ભે પણ થોડી વાત કરી લઈએ.

માલા મહેશને નોટીસ તો બજાવી દે છે. પરંતુ મહેશ અદાલતમાં હાજર થઈને પોતાનો વિગતવાર જવાબ રજૂ કરે છે. મહેશ પોતાના જવાબમાં એવું જણાવે છે કે, મહેશે માલાનો ત્યાગ કર્યો નથી. મહેશની કફોડી આર્થિક પરિસ્થિતિને કારણે માલા પોતાની સંપૂર્ણ સંમતિથી અને સ્વતંત્ર ઈચ્છાથી પિયરમાં રહે છે. મહેશ એવું જણાવે છે કે તે કોઈ જ આવક ધરાવતો નથી અને ખૂબ મોટું દેવું થઈ ગયેલ છે. તેનું ઘર પણ વેચાઈ ગયેલ છે અને તે સંજોગોમાં તે ભરણપોષણ ચુકવવા શક્તિમાન નથી. મહેશ એવું પણ જણાવે છે કે પોતે માલા અને બાળકોને તેડી જવા ખુશી અને તૈયાર છીએ અને આમ તમામ સંજોગો જોતા માલાએ ખોટી ભરણપોષણની અરજી કરેલ છે. તેવું જણાવેલ છે.

મહેશનો અદાલતમાં રજૂ થયેલ જવાબ વાંચતા અને મહેશની જીંદગી વિશે વિગતવાર હકીકત મેળવતા પ્રથમ દ્રષ્ટિએ એવું જ લાગે કે માલાની ભરણપોષણની અરજી રદ થઈ જશે. પરંતુ આમ બન્યુ નહીં. જો કે એ વાત બંને પક્ષે કબૂલ હતી કે મહેશની આર્થિક સ્થિતિ કથળવાને કારણે મહેશ માલાને પિયર માલાની સંમતિથી મૂકી આવ્યો હતો. મહેશે માલાને ફરીથી તેડવા ગયો ન હતો. માલાએ એ બાબત પણ કબૂલ કરેલ કે મહેશ કોઈ દિવસ મારઝૂડ કરતો ન હતો. પ્રશ્ન એ થાય કે સાસરી પક્ષમાં મારકૂટ થાય તો જ ક્રુરતા ગણી શકાય? સમય જતાં સાસરી પક્ષમાં ત્રાસનું સ્વરૂપ પણ બદલાયેલું જોવા મળે છે. ઘરમાં ખાવા-પીવા પુરૂં આપતાં ન હોય, ઘર બહાર જવા દેતા ન હોય અને ઘરમાં કામવાળીની જેમ કામ કરાવતા હોય તેવા પ્રકારની ક્રૂરતાની ફરિયાદ સાથે આજથી ૨૫ વર્ષ પૂર્વે મહત્તમ અરજીઓ દાખલ થવા જોવા મળતી.

સમય બદલાતાં ત્રાસના સ્વરૂપના બદલાવ જોવા મળે છે પત્ની પગભર થઈ છે તો પત્નીની આવક ઘરમાં આપી દેવી પડે છે તેવા પ્રકારનો ત્રાસ જોવા મળે છે તો વળી કોઈક જગ્યાએ તો દેખિતો કોઈ જ ત્રાસ ન હોવા છતાં અસહ્ય માનસિક ત્રાસની વેદના સ્ત્રી અનુભવતી હોય છે. તેવું પણ જોવા મળે છે. આ પ્રકારના ત્રાસને સમાજચિંતકો સુધરેલા ત્રાસ તરીકે મુલવે છે. એવું લાગતું કે પરિવારોમાં શિક્ષણનું પ્રમાણ વધતા કેટલાક પ્રકારના ત્રાસનો અંત આવશે. પતિ-પત્નીની લગ્ન વિષયક તકરારમાં પત્ની ભણેલી હોય, અવડતવાળી હોય, કમાતી હોય અને છતાં પણ તેણીને સહન કરવું પડે તેવું જોવા મળે. ટૂંકમાં પતિ-પત્ની વચ્ચેની ઊભી થયેલી તકરાર એના મૂળ સુધી જવું જરૂરી છે.

માલા કેસમાં મહેશ જણાવે છે કે, મહેશ માલાનો ત્યાગ કર્યો નથી તો કાયદાના સંદર્ભમાં આ બાબતને સમજીએ તો, પતિ-પત્ની કેવા સંજોગોમાં છૂટા પડ્યા હોય તે પણ એક અગત્યનો મુદ્દો છે. કાયદામાં સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે કે પત્નીનો પતિએ વ્યાજબી અને ન્યાયી કારણ વગર ત્યાગ કર્યો છે તેવું પુરવાર થવું જોઈએ. પત્ની જ્યારે ભરણપોષણની અરજી દાખલ કરે ત્યારે પત્નીને પતિથી અલગ રહેવાનું વ્યાજબી અને ન્યાયી કારણ અરજીમાં દર્શાવવું જરૂરી છે. આપણે આગળના અંકોમાં જોયુ છે કે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫ ના જે મૂળભૂત તત્વોનું સમાવેશ કરવામાં આવ્યો છે તે નીચે મુજબ છે.

(૧) કાયદેસરની પત્ની હોવી જોઈએ (Legal Wedded Wife)

(૨) પતિપક્ષ તરફથી ક્રૂરતા આચરવામાં આવી હોય (Cruelty)

(૩) વ્યાજબી અને ન્યાયી કારણ વગર તેણીનો ત્યાગ થયો છે (Neglected and Refused)

(૪) સાથે રહેવાની તૈયારી (Ready and Willingness)

(૫) પત્ની પોતાનું ભરણપોષણ કરવા જાતે સક્ષમ છે. (Not able to Maintain herself)

(૬) પતિ સક્ષમ છે. (Able bodied)

ઉપરના કલમના મૂળભૂત તત્વો જોતા કોઈકને એવો વિચાર આવે કે, સ્ત્રીને કાયદેસરના લગ્ન કર્યા ન હોય પરંતુ-પતિ-પત્ની તરીકે સાથે રહ્યા હોય તો તેવા સંજોગોમાં તેણીને ભરણપોષણ મળી શકે કેમ? બીજા મુદ્દા સંદર્ભે એવો પ્રશ્ન થાય કે ક્રૂરતા એટલે કેવા પ્રકારની ક્રૂરતા ગણી શકાય? શું કોઈ મારજૂડ કરે તો જ ક્રૂરતા આચરી છે તેવું માની શકાય. ત્રીજા મુદ્દા સંદર્ભે સામાન્ય માનવીના મનમાં એનો વિચાર આવે કે પતિએ કાઢી મુકી ન હોય એટલે કે પત્નીએ ઘર છોડી દેવા મજબૂર બની હોય તો તેવા સંજોગોમાં કાયદાકીય અર્થઘટન કઈ રીતે થઈ શકે? ચોથા મુદ્દા સંદર્ભે એવો પ્રશ્ન મનમાં થાય કે પતિ એમ જણાવે કે પોતે સાથે રહેવા તૈયાર હતો અને છે એ માત્રથી એની સાથે રહેવાની માનસિકતા શું યોગ્ય રીતે માની શકાય? પાંચમાં મુદ્દા સંદર્ભે એવો પ્રશ્ન ઉદ્ભવે કે સામાન્ય પ્રકારે એવી માન્યતા હોય કે ત્યકતા સ્ત્રી થોડું ઘણું કમાતી હોય અથવા તો કમાણી કરતી હોય તો શું તે ભરણપોષણ મેળવવા હકદાર ન બને? છઠ્ઠા મુદ્દા સંદર્ભે એવો પ્રશ્ન ઉદ્ભવે કે પતિ શારીરિક રીતે સક્ષમ હોય પરંતુ કોઈ પ્રકારે આવક ધરાવતો ન હોય તો એવા પતિની વિરૂદ્ધ ભરણપોષણનો હુકમ થઈ શકે એવો પણ સવાલ ઉદ્ભવે કે પતિએ સાધુ થઈ ગયો હોય તો પણ ભરણપોષણનો તેના વિરૂદ્ધ હુકમ થઈ શકે?

ઉપરોક્ત તમામ સવાલો આ કોલમમાં એટલા માટે લખેલ છે કે સામાન્ય વ્યક્તિ જેને કાયદાનો સહારો લેવાની આવશ્યકતા ઉભી થાય ત્યારે ઘણીવાર સરળ અર્થમાં કાયદો નહીં સમજવાને કારણે પણ અસમંજસ સ્થિતિમાં મુકાય છે. એવું પણ બને કે વ્યક્તિ પોતાની મેળે જ સાચા અર્થમાં કાયદો નહીં સમજવાને કારણે પોતે ભરણપોષણ મેળવવા હક્કદાર નથી તેવું માની બેસે. આગળ લખેલા સવાલોનાં ઉદાહરણ સાથે કેસ આ કોલમમાં પ્રસ્તુત થવાના છે.

જેમ વ્યક્તિ એટલે કે ત્યકતા સ્ત્રી પોતે સાચો કાયદો સમજ્યા વગર એવું માનતી હોય કે પોતાનો કેસ ભરણપોષણ મેળવવા માટે મજબૂત નથી તેમ સામાપક્ષે એટલે કે પતિપક્ષે પણ અરજીના જવાબમાં એવું જણાવવામાં આવે કે પતિને પત્નીનો ત્યાગ કર્યો નથી. અરે! એક કેસના જવાબમાં પતિ પોતે ઘર છોડીને એકાંતવાસમાં ચાલ્યો ગયેલ છે અને કાંઇ કમાતો નથી તેથી ભરણપોષણ ચુકવી શકે તેમ નથી તેવું જવાબમાં જણાવેલ. ભાગ્યે જ પતિપક્ષ તરફથી એવો જવાબ પણ લખે કે અરજદાર પત્ની તેણીની કાયદેસરની પત્ની નથી. આવી બધી બાબતોનાં સંદર્ભમાં કાયદાના સંદર્ભની જોગવાઇઓ અને સ્પષ્ટતા જાણવી ખૂબ જરૂરી છે.

પ્રથમ તો કોઇ વ્યક્તિને પોતાની મેળે ધારણા બાંધી લેવી નહીં કે કાયદા અંગે પોતે જ જાતે કોઇ નિર્ણયો લેવા નહીં કારણ કે કાયદાના તજજ્ઞોની સેવા દરેક કોર્ટમાં દરેક સ્ત્રીને મફત રીતે ઉપલબ્ધ છે. સ્ત્રીઓને મફત કાનૂની સલાહ અને સહાય બંને મેળવવા માટે કાયદાકીય જોગવાઇ છે. કોઇ પણ સ્ત્રી કરોડપતિની દીકરી હોય પરંતુ તે બીજા કોઇની પત્ની છે એટલે પિતાની આવકના આધારે સ્ત્રીને મફત કાનૂની સહાય શું ન મળી શકે?

ચાલો મફત કાનૂની સલાહ તથા પારીવારીક સમસ્યાના નિરાકરણ બાબતે મળીએ આવતા અંકે...

કોઇ વ્યક્તિને પોતાની મેળે ધારણા બાંધી લેવી નહીં કે, કાયદા અંગે પોતે જ જાતે કોઇ નિર્ણયો લેવા નહીં